# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## ■ શોકાંજલિ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૨૨-૧-૨૦૧૮ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે સદ્‌ગત શંભુપ્રસાદ જોશી અને સદ્‌ગત ઊજમશી પરમાર આ બે સર્જકોને શોકાંજલિ આપવા ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનભવનમાં આ સભા યોજાઈ હતી. આ સભા પરિષદના ઉપપ્રમુખ શ્રી માધવ રામાનુજની અધ્યક્ષતામાં યોજાઈ હતી. શ્રી ધીરુભાઈ પરીખે સદ્‌ગત શંભુપ્રસાદ જોશીને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી હરિકૃષ્ણ પાઠકે સદ્‌ગત ઊજમશી પરમારને શ્રદ્ધાંજલિ આપી હતી. સભામાં ઉપસ્થિત શ્રી પ્રકાશ ન. શાહ અને શ્રી રઘુવીર ચૌધરીએ પણ શ્રદ્ધાંજલિ અર્પી હતી. પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે આ સભામાં થયેલ શોકઠરાવનું વાચન કરીને શોકાંજલિ અર્પણ કરી હતી. આ સભાનું સંચાલન પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ સભામાં ઉપસ્થિત સૌએ બે મિનિટનું મૌન પાળીને સદ્‌ગત સર્જકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

■ ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રેણીનું પંદરમું વ્યાખ્યાન તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી બાલકૃષ્ણ દોશીએ ‘પોરોસીટી, પેરાડોક્સ, પ્રૅક્ટિસ માય જર્નિ’ વિષય ઉપર વક્તવ્ય રા. વિ. પાઠક સભાગૃહમાં આપ્યું હતું.

## સાહિત્યવૃત્ત

- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના અન્વયે તા. ૬-૧૨-૨૦૧૭ના રોજ શ્રી પ્રીતિ સેનગુપ્તાએ ‘વિશ્વપ્રવાસોમાંથી મને મળ્યો માનવીનો ચહેરો’ વિશે વિશ્વકોશભવનમાં વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ધર્મદર્શનના વ્યાપક દર્શનને સમજાવતી ધર્મતત્ત્વદર્શન શ્રેણી ચાલે છે. એ અંતર્ગત તા. ૨૩-૧૨-૨૦૧૭ના રોજ ડૉ. વિજય પંડ્યાએ ‘બૃહદારણ્યક ઉપનિષદ’ વિશે વિશ્વકોશભવનમાં વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાત પુસ્તકાલય સ. મંડળ લિ. વડોદરાના ઉપક્રમે તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ શ્રી કિશોર વ્યાસે ‘સાહિત્યસૃષ્ટિ’ વિશે વડોદરામાં વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે તા. ૨૭-૧૨-૨૦૧૭ના રોજ શ્રી મણિલાલ હ. પટેલે ‘‘ઉશનસ્’ની કવિતામાં પીડા અને પ્રકૃતિ’ એ વિષય પર ગુજરાત વિશ્વકોશભવનમાં વ્યાખ્યાન આપ્યું હતું. ❑

# સાહિત્યવૃત્ત

**પરીક્ષિત જોશી**

## પરિષદ પ્રમુખ સિતાંશુ યશશ્ચન્દ્રને ‘કૃતિત્વ સમગ્ર સન્માન’

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચન્દ્રને કોલકતાની ભારતીય ભાષા પરિષદ દ્વારા સન્માનિત કરવામાં આવનાર છે. ૧૦ માર્ચ, ૨૦૧૮ના રોજ કોલકતા ખાતે યોજાનારા અલંકરણ સમારોહમાં સિતાંશુભાઈને ‘કૃતિત્વ સમગ્ર સન્માન’-૨૦૧૮થી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે બે દિવસનો રાષ્ટ્રીય સેમિનાર પણ યોજનાર છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ સ્થિત વિશ્વકોશ ભવન ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના અન્વયે તા. ૬-૧૨-૨૦૧૭ના રોજ શ્રી પ્રીતિ સેનગુપ્તાએ ‘વિશ્વ પ્રવાસોમાંથી મને મળ્યો માનવીનો ચહેરો’ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. ધર્મતત્ત્વદર્શન શ્રેણી અંતર્ગત તા. ૨૩-૧૨-૨૦૧૭ના રોજ ડૉ. વિજય પંડ્યાએ ‘બૃહદારણ્યક ઉપનિષદ’ વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે તા. ૨૭-૧૨-૨૦૧૭ના રોજ શ્રી મણિલાલ હ. પટેલે ‘ઉશનશની કવિતામાં પીડા અને પ્રકૃતિ’ એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા સુરત ખાતે ૨૭-૧-૨૦૧૮ના રોજ વજુભાઈ ટાંક હૉલમાં યોજાયેલી કાવ્ય મહેફિલમાં બકુલેશ દેસાઈ, ગૌરાંગ ઠાકર, વિવેક ટેલર, પ્રશાંત સોમાણી, કિરણસિંહ ચૌહાણ વગેરે કવિઓએ કાવ્યપાઠ કર્યો હતો. સંચાલન પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

તોફાની તાંડવ ગુજરાતી દૈનિક આયોજિત કવિ સંમેલનમાં ૨૮-૧-૧૮ના રોજ ડૉ. એસ. એસ. રાહી, ડૉ. અશોક ચાવડા ‘બેદિલ’, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, તેજસ દવે, ચંદ્રેશ મકવાણા, ભાવિન ગોપાણી તથા ડૉ. સતિન દેસાઈ ‘પરવેઝ’એ કાવ્યપાઠ કર્યો હતો. આ પ્રસંગે જિગર ઠક્કર, સાકેત દવે તથા રાજેશ ઠક્કર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ દ્વારા વડોદરા ખાતે ૨૮-૧-૧૮ના રોજ ડૉ. કેશુભાઈ દેસાઈ અને ડૉ. વિરંચી ત્રિવેદીને સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે ડૉ. કનૈયાલાલ ભટ્ટે ડૉ. દેસાઈનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.

‘લય પ્રલય’ સંસ્થા દ્વારા શ્રી રમેશભાઈ વસાણીની પ્રેરક ઉપસ્થિતિમાં આણંદના લાયન્સ ક્લબ ખાતે ૨૮-૧-૧૮ના રોજ આયોજિત સાહિત્ય મહોત્સવ-૨૦૧૮ અંતર્ગત લેખન ક્ષેત્રે પ્રવૃત્ત અનેક નવ્ય કલમોને પોંખવામાં આવી હતી.

અમદાવાદ ફાઉન્ડેશન અને ગાંધીઆશ્રમના સંયુક્ત ઉપક્રમે ગાંધી નિર્વાણ દિવસ

નિમિત્તે ૩૦-૧-૧૮ના રોજ ગાંધી આશ્રમ ખાતે ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા તૈયાર કરવામાં આવેલી, ૧૯૧૫થી ૧૯૩૦ સુધી અમદાવાદમાં ગાંધીજીએ કરેલાં નિવાસની કહાણીને 'સાબરમતી કે સંત' ડૉક્યુમેન્ટરી સ્વરૂપે રજૂ કરવામાં આવી.

## સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યાં હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે - vruttparabgsp2018@gmail.com

## ગ્રંથાલયમાં પુસ્તક રિન્યૂઅલ માટે ઈમેઈલ આઈડી

ચી. મં. ગ્રંથાલયના વાચક સભ્યો વાચન માટે ઇશ્યૂ કરાવેલાં પુસ્તકોને ઈમેઈલ દ્વારા રિન્યૂઅલ કરી શકે એ માટે એક ઈમેઈલ આઈડી તૈયાર કર્યું છે. આ ઈમેઈલ એડ્રેસ ઉપર એક ટેસ્ટ મેઈલ કરવાથી રિન્યૂઅલ માટેનું નિયત ફોર્મેટમાં આપને મોકલવામાં આવશે. તો આ સેવાનો ચોક્કસ લાભ લો. આ માટેનું ઈમેઈલ આઈડી છે - chimgranthalayagsp2018@gmail.com

❑

## સાભાર સ્વીકાર

**હાસ્ય**

**દે દામોદ દાળમાં :** કિશોર વ્યાસ, ૨૦૧૬, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬+૧૫૬, રૂ. ૧૪૦, **ડૉક્ટર@લાફ્ટર.કોમ :** ડૉ. કિરીટ વૈદ્ય, ૨૦૧૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૧૬+૧૨૮, રૂ. ૧૪૫. **એ દિવસો :** વિનોદ ભટ્ટ, ૨૦૧૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૦+૧૫૮, રૂ. ૧૨૫. **મૂર્ખાઓનું સ્વર્ગ :** હરીશ નાયક, ૨૦૧૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૧૮૮, રૂ. ૩૫૦.

**આત્મકથા**

**એક અજાણ્યા ગાંધીની આત્મકથા :** નટવર ગાંધી, ૨૦૧૬, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, પૃ. ૩૪૪, રૂ. ૪૦૦.